જા.ક્ર.:મા-૧/૨૦૨૫/ ૪૧૧૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૦૪/૦૭/૨૦૨૫
05

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પૂરક (વિશિષ્ટ) પરીક્ષા-૨૦૨૫ની હોલટિકિટ ડાઉનલોડ કરવા બાબતના તા.૦૩/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/૨૦૨૫/૧૯૫ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

અગત્યનું

મેઇલ માધ્યમે

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/૨૦૨૫/૧૯૬

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-૦૩/૦૭/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

સુરત.

**વિષય:-** પૂરક (સ્પેશિયલ)-૨૦૨૫ પરીક્ષાની હોલટિકિટ ડાઉનલોડ કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યના સુરત જિલ્લાની ધોરણ-૧૦/ધોરણ-૧૨ (સામાન્યપ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) ધરાવતી તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, તા:-૨૩/૦૬/૨૦૨૫ અને તા:-૨૪/૦૬/૨૦૨૫ના રોજ વરસાદના કારણે ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓની પૂરક (સ્પેશિયલ)-૨૦૨૫ પરીક્ષા તા:-૦૯/૦૭/૨૦૨૫ અને તા:-૧૦/૦૭/૨૦૨૫ના રોજ યોજાનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટિકિટ) તા:-૦૩/૦૭/૨૦૨૫ થી બોર્ડની વેબસાઇટ gseb.org પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકશે. પ્રવેશપત્ર (હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના આવેદનપત્ર મુજબ વિષય/વિષયો અને માધ્યમની ખરાઇ કરીને પ્રવેશપત્ર (હોલટિકિટ)માં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની સૂચના પ્રવેશપત્ર (હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે ઓનલાઇન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટિકિટ) તથા સૂચનાપત્ર આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને જાણ કરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર (હોલટિકિટ)માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે જરૂરી આધારો સાથે દિન-૦૧માં સંપર્ક કરવાનો રહેશે.

સંબંધિત શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની હોલટિકિટ ડાઉનલોડ થાય અને વિદ્યાર્થીઓને સમયસર વિતરણ થાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવાનું રહેશે.

(આર.આર.વ્યાસ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

D:\A.P\2025\SSC 10\G.CELL-H BRANCH\DEO.DOCX